અપીલ અરજી નં.૨૯૪ તા.૧૨–૧–૦૯

અરજદારઃશ્રી શાસ્ત્રી ગોર્વધનેશ જોશી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટા.ન પ્લાનીંગ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય** :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાસ્ત્રી ગોર્વધનેશ જોશીની તા.૧૭–૧૧–૦૮ની અરજીથી ઝોનલચીફ બનવા માટે કઈ લાયકાત હોવી જરૂરી છે ડીપ્લોમાં હોલ્ડર ચીફ ઝોનલ કોની કૃપાથી થઈ શકે? ટીપી ૪૨ જહાંગીરાબાદ, શ્યામ સુંદર સોસા., શ્રીનાથજી મંદિર વિગેરેના પડતર પ્રશ્નોની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૧૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૪/૨૦૦૮–૦૯

શ્રી શાસ્ત્રી ગોર્વધનેશ જોશીની તા.૧૭–૧૧–૦૮ની અરજીથી ઝોનલચીફ બનવા માટે કઈ લાયકાત હોવી જરૂરી છે ડીપ્લોમાં હોલ્ડર ચીફ ઝોનલ કોની કૃપાથી થઈ શકે? ટીપી ૪૨ જહાંગીરાબાદ, શ્યામ સુંદર સોસા., શ્રીનાથજી મંદિર વિગેરેના પડતર પ્રશ્નોની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે આપેલ જવાબો અસ્પષ્ટ,અધૂરા અને નિયત સમય અવધિ બાદ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૩ તા.૨૦–૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા સ્પષ્ટ વિગતો અને વાજબી આધાર તથા કયા ખાતાના/ઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અંગે નારાજગી છે. તે જણાવવા અરજદારને પણ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી તેમજ અરજદારને પાઠવેલ પત્રના અનુસંધાને કયા ઝોન/ખાતાના જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી સામે નારાજગી બાબતે વાજબી પણા અને આધાર પુરાવા સબંધે પણ કોઈ આનુંષાગિક માહિતી મળેલ નથી.

અરજદારને તા.૧૭–૧૧–૦૮ થી સેન્ટ્રલ ઝોનને આરટીઆઈ હેઠળ મુદ્દા નં.૧ થી ૧૦ અન્વયે કરેલ અરજી સ ે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૯૭૩ તા.૧૮–૧૧–૦૮ થી ટાઉન પ્લાનર તથા કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોનને તબદીલ કરેલ છે. તથા ટાઉન પ્લાનર તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૫૯૭૩ તા.૧૦–૧૨–૦૮ થી મુદ્દા નં.૧,૪,૫,૬અંશતઃ ૭,૮ તથા ૧૦ અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને તબદીલ કરેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી આ.નં.૧૫૧૩ તા.૨૫–૧૧–૦૮ થી મ. જાહેર માહિતી અધિકારી તમામઝોનને તબદીલ કરેલ છે. અરજદારને મુદ્દા નં.૧ અંગે ઝોનલચીફની લાયકાત બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમ કક્ષાએની નં.જીએડી/ઈએસટી/૩૩૬૩ તા.૨૧–૧૧–૦૮ થી માહિતી પુરી પાડેલ છે. અરજદારે અપીલ અરજીમાં સદર બાબતે વધારાના વેતન તથા સગવડો દુર કરવા મુળ અરજીથી અલાયદી રજુઆત કરેલ છે. મુદ્દા નં. ૨,૩ ૬ અંશતઃ તથા ૯ બાબતે અનુક્રમે સરકારી જમીનમાં ઝુંપડપટ્ટી તથા પ્રાઈવેટ જગ્યામાંથી રસ્તો મુકાય તો વળ તર બાબતે જોગવાઈ ટીપી ૪૨ અંગે એજન્સીનું નામ અરજદારની જગ્યામાંથી રસ્તા બાબતે તેમને સાંભળેલ કે કેમ? તથા કલ ેકટરશ્રીના તા.૧૬–૭–૦૮ ના પત્ર અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ નં.ટીપીડી/આ.નં.૬૧૪૦ તા.૧૭–૧૨–૦૮ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જેમાં મુદ્દા નં.૨,૩,૯ ની દફતરી માહિતી આપ્યાનું જણાય છે. નં.૬ અંગે માંગેલ માહિતી અપાયેલ જણાતી નથી. જેમાં અપીલમાં જવાબ સ્પષ્ટ નથી અને માહિતી સત્યથી વેગળી છે અને અસ્પષ્ટ છે તેવી અરજદારે રજુઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ તથા આધાર પુરાવા રજુ કરેલ નથી. તથા મુદ્દા નં.૬ અંશતઃ તથા મુદ્દા નં.૮ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૨૧ તા.૧૫–૧૨–૦૮ થી મુદ્દા નં.૬ અંશતઃ તથા ૮ અંગે શ્યામ સુંદર સોસાયટીના પ્લોટ નં.૩૬ થી ૫૪ ના નળ અને ગટર જોડાણ અંગે અરજી આવેલ હોવાનું અને કાર્યવાહી હેઠળ હોવાનું તથા ટીપી ફાઈનલ થવામાં વર્ષો નીકળી જાય તેવા કિસ્સામાં પ્રાથમિક સુવિધા અંગે જરૂરી પુરાવા રજુ કર્યેથી સુવિધા આપી શકાય તેવી માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૧૦ અંગે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૧૦૫૮ તા.૫–૧૨–૦૮ થી શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ,નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૩૬ તા.૧૫–૧૨–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન,નં.એન.ઝેડ/આ.નં.૬૭૨૪ તા.૧૯–૧૨–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહે માહિતી અધિકારી આંન.૬૭૩૮ તા.૮–૧૨–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન,સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૯૯ તા.૨૯–૧૧–૦૮ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ છે. જે મુજબ મુદ્દા નં.૧૦ શરતી અંદાજો અત્રે તમામ ઝોન ધ્વારા દફતરી માહિતી અરજદારને પુરી પાડી તેવી કામગીરી થયેલ નહીં હોવાનું જણાવેલ છે. તથા મુદ્દા નં.૫ અંગે વેસ્ટોઝોન/આરટીઆઈ/આ.નં.૨૧૧ તા.૪–૧૨–૦૮ તથા આરટીઆઈ/૨૨૬ તા.૧૭–૧૨–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી પ્લોટ આર–૨૦માં પાણી ભરાયા અંગે હાલમાં કોઈ પાણીનો ભરાવો જોવા મળેલ નથી તથા કાયમી નિકાલ અંગે સ્ટ્રોર્મ ડ્રેનેજ નેટવર્કનું આયોજન પ્રગતિમાં હોવાની માહિતી આપેલ છે. અપીલમાં મુદ્દા નં.૮ શા માટે રસ્તો બનાવેલ નથી. જે માહિતી મુળ

અરજીથી અલગ અરજદારે રજુઆત કરેલ છે. મુદ્દા નં.૪ અંગે તા.૩૧–૭–૦૮ ની અરજી સબંધે ખોટી માહિતીની રજુઆત જે તે મુળ અરજી સામે અપીલ અરજી કરવાની રહે. અત્રે કરેલ રજુઆત આરટીઆઈ કાયદાના નિયમો સાથે સુસંગત નથી.અરજદારે અગાઉ મળેલ માહિતી ખોટી હોવાના આધાર પુરાવા રજુ કરેલ નથી. તેમ છતાં આ મુદ્દાની માહિતી માંગેલ નકલો તથા ખોટી માહિતીની રજુઆત બાબતે વેસ્ટઝોન તરફથી કોઈ પ્રત્યુત્તર અપાયેલ જણાતો નથી. અરજદારની મુળ અરજી સે.ઝોન/તથા ટાઉન પ્લાનીંગ તરફથી મુદ્દા નં.૧,૪,૫૬ અંશતઃ ૭,૮ તથા ૧૦ અંગે રાંદેર ઝોનને તબદીલ કરેલ છે. તેમ છતાં મુદ્દા નં.૪ ૭ અને ૧૦ અંગે અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. મુદ્દા નં.૧૦ અંગે તમામ મ. જાહેર માહિતી અધિકારીને કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીએ અરજી તબદીલ કરેલ જેમાં મુદ્દા નં. નં.૧૦ અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ નથી.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નહીં પુરી પડાયેલ માહિતી મુદ્દા નં.૬ અરજદારની તા.૩૦–૧૨–૦૨ ની અરજી અંગે ટ્રસ્ટીઓને સાંભળ્યા હતાં? તે બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને, તથા મુદ્દા નં.૪, ૭ અને ૧૦ અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તથા મુદ્દા નં.૧૦ અંશતઃ અંગે ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પુરી પાડવા જણાવવામાં આવે છે. અરજદાર મુળ અરજીથી કરાયેલી અલાયદી માંગણી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ),ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોષી,